BUSINESS મિત્ર

સતત પમા દિવસે સેન્સેક્સ ધડામ, 91,500 કરોડ સ્વાહા

આખુંય અઠવાડિયું સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 24: ભારતીય શેરબજારમાં આજે સતત પાંચમા ટ્રેડિંગ સેશનમાં લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. આજે પણ સેન્સેક્સ 917 પોઈન્ટ જેટલો તૂટી ગયો હતો, જે મિડ સેશન બાદ થોડોક રીકવર થયો હતો અને છેલ્લે 331 પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો.

મીડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંકટને કારણે ક્રુડ ઓઈલના ભાવમાં થયેલા વધારાને કારણે સેન્સેક્સ-નિફ્ટી ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જોકે, આજે ક્રુડ ઓઈલ 100 ડોલરની નીચે ઉતરી ગયો હતો અને આરબીઆઈની દરમ્યાનગીરીથી રૂપિયો પણ સુધર્યો હતો. આ દરમ્યાન સપ્તાહના અંતિમ દિવસના કારણે માથે લેણ રાખવાથી ટ્રેડર્સ અને રોકાણકારો દુર રહ્યા હતા. રોકાણકારોની સાવચેતીના કારણે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 91510 કરોડનો ઘટાડો થઈને રૂ. 475 લાખ કરોડ પર પહોંચી ગયો છે. આમ, રોકાણકારોને રૂ. 91500 કરોડનું નુકશાન થયું છે.

આ ઉપરાંત, જુન ક્વાર્ટરની કમાણીના ડેટા જાહેર થઈ રહ્યા છે, જે કંપનીઓના પરિણામો મિશ્ર વલણ દાખવી રહ્યા છે, જેથી રોકાણકારોમાં હજુય તેજીનો માહોલ જામી રહ્યો નથી અને સાવચેતી સાથે ટુંકા નફા-નુકશાન સાથે કામકાજ કરતા જોવા મળી રહ્યા છે.

બીએસઈ સેન્સેક્સ 331.62 પોઈન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 76059.77 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76210 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે નીચામાં 75474 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 102.15 પોઈન્ટ એટલે કે 0.43 ટકા ઘટીને 23800 પોઈન્ટની સપાટી તોડીને 23767.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23823 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23606 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 101.50 પોઈન્ટ એટલે કે 0.18 ટકા વધીને 56693.50 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે એઆઈએ એન્જિનીયરીંગમાં 16.58 ગણા, નુવામા વેલ્થ મેનેજમેન્ટમાં 8.93 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલમાં 8.69 ગણા, એચસીએલ ટેકનોમાં 8.25 ગણા અને સાયન્ટ લિ.માં 7.28 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે મોતીલાલ ઓશવાલ સર્વિસીસમાં 22.1 ગણા, સાયન્ટ લિ.માં 9.41 ગણા, નુવામા વેલ્થ મેનેજમેન્ટમાં 8.87 ગણા, સેફાયર ફુડસ લિ.માં 8.66 ગણા અને બ્લુડાર્ટ એક્સપ્રેસમાં 5.49 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ ઘટાડો આગળ વધ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 01.6 ટકા અને સમોલકેપ ઈન્ડેક્સ 0.23 ટકા ઘટ્યો છે. જોકે, માર્કેટ બ્રેડથ સપાટ રહી હતી. બીએસઈ ખાતે 2140 શેરો વધ્યા હતા, જ્યારે 2035 શેરો ઘટ્યા હતા અને 217 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટી બજારમાં સપ્ટેમ્બર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 3.56 ડોલર એટલે કે 2.54 ટકા ઘટીને 97.13 ડોલર પ્રતિ બેરલ બોલાઈ રહ્યા હતા. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 1.10 ટકા ઘટ્યો છે. જે અગાઉ ત્રણ ટ્રેડિંગ સેશનમાં 1.19 ટકાનો વધારો થયો છે. જેમાં હીરો મોટોકોર્પ, મહિન્દ્રા-મહિન્દ્રા, ટયુબ ઈન્વેસ્ટમેન્ટ, બજાજ ઓટો, ટીવીએસ મોટર કંપની, આઈશર મોટર, બોશ, ભારત ફોર્જ, સોના બીએમડબલ્યુ પ્રીસીઝન ફોર્જીંગ્સ અને યુનો મીન્ડા ઘટ્યા હતા. બીજી તરફ, એક્સાઈડ ઈન્ડ., અશોક લેલેન્ડ અને મારૂતિ સુઝુકી ઉમેરાયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફ્યુચર્સ 275 પોઈન્ટ વધ્યો હતો, જે આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. સત્તાવાર ડેટા દર્શાવે છે કે, જુનમાં યુકેના રિટેલ વેચાણ વોલ્યુમમાં એક ટકા વધ્યા પછી યુરોપિયન બજારોમાં વધારો થયો હતો. ગરમ હવામાન વચ્ચે એર કન્ડીશનર અને કપડા પરના મજબૂત ગ્રાહક ખર્ચને કારણે આ વધારો થયો હતો, જ્યારે ફીફા વર્લ્ડકપે પણ રિટેલ પ્રવૃત્તિને વેગ આપ્યો હતો, જે યુકેના અર્થતંત્રમાં ઉછાળાના સંકેતો ઉમેરે છે. જાપાનનો ફુગાવો જુનમાં વધીને 1.6 ટકા થયો હોવાથી એશિયન બજારો મોટાભાગે નીચા સ્તરે બંધ થયા હતા, પરંતુ સતત પાંચમા મહિને બેન્ક ઓફ જાપાનના 2 ટકા લક્ષ્યથી નીચે રહ્યા હતા. ઉત્પાદકના વધતા ભાવો અ નબળા યેન ફુગાવાના દબાણમાં વધારો કરી શકે છે અને વ્યાજદરમાં વધુ વધારા માટેના કેસને મજબૂત બનાવી શકે છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.35 ટકા, કેક 0.44 ટકા અને ડેક્સ 0.81 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 3.09 ટકા, હેંગસેંગ 1.05 ટકા, તાઈવાન 2.74 ટકા, કોસ્પી 6.07 ટકા, જકાર્તા 1.92 ટકા અને શાંઘાઈ 1.64 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.12 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

આરબીઆઇની દરમ્યાનગીરીથી રૂપિયો સુધર્યો

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડ ઓઇલની તેજીની વચ્ચે નબળો રૂપિયો આરબીઆઇએ દરમ્યાનગીરીના લીધે મજબૂત ખુલ્યો હતો. અને આજે રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો જોવા મળ્યો હતો, જે છેલ્લે સપાટ બંધ રહ્યો હતો. આમ, કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો માત્ર 2 પૈસા સુધરીને 96.56ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.58ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.72, પાઉન્ડ 128.74, કેનેડિયન ડોલર 68.48, જાપાનીઝ યેન 0.5895 અને સીંગાપોર ડોલર 74.85ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	96.56 રૂ.
યુરો	109.73 રૂ.
પાઉન્ડ	128.76 રૂ.
યેન	0.5908 રૂ.

સેન્સેક્સ	-331.62	76059.77
નિફ્ટી	-102.15	23767.45
બેન્ક નિફ્ટી	101.50	56693.50

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	2.11	1271.00
વિપ્રો	1.32	177.12
સીપલા	1.26	1410.60
આઇટીસી	0.76	283.45
HDFC લાઇફ	0.74	555.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	2.60	1012.80
ઇટર્નલ	2.47	280.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.11	3161.40
શ્રીરામ ફાઇનાસ	2.02	1005.10
ટાટા કન્ઝ્યુમર	1.78	1088.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	1.94	1269.00
આઇટીસી	0.78	283.60
એક્સીસ બેન્ક	0.58	1230.00
ટીસીએસ	0.52	2253.90
ટ્રેન્ટ	0.48	2888.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	2.34	280.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.10	3161.00
બજાજ ફાઇનાન્સ	2.07	1018.00
ભારતી એરટેલ	1.52	1901.80
એશિયન પેઇન્ટસ	1.09	2639.90

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૦૦૦
એમ-૩૦	૫૦૦૦
એસ-૩૦	૪૯૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૯૦૦
એસ-૩૦	૪૮૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૭૭૫૦
તેજાબી સોનું	૧૪૭૬૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૦૩૬૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૪૮૦૦
સોનાનાં બિસ્કીટ	૧૪૭૭૫૦૦
ચાંદી (૯૯૯)	૨૨૭૨૫૦
ચાંદી સિક્કા	૨૨૮૭૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૬૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૩૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૩	૫૦/૩૬ ,,	૧૪૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૯.૨૫
૩૦/૩૬ એફડી	૨૬૨.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૬
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૩૮.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૩
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૬.૫	૧૦૦ ટેક્ષ	૧૩૪.૫	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫.૫	૮૦/૭૨ રોટો	૧૪૦	૭૫ ક્રિમ્પ	૧૩૮.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯.૨૫	૮૦ ક્રિમ્પ	૧૩૬
૮૦/૭૨ રોટો.	૧૩૮.૫	૧૬૦ ડીસ્કેટ	૪૯.૨૫	૮૦/૭૨ રોટો	૧૪૦
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૪	૮૦/૧૦૮ ,,	૧૪૧.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૯

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

નાક બંધ થવું

ક્યારેક શરદી થવી ક્ષમ્ય છે. વારંવાર થઈ, નાક બંધ કરી દે તો તમને મદદની જરૂર છે. ક્યાં તો શરદી થવાનાં કારણોથી દૂર રહો, ક્યાં શરીરની ક્ષમતા વધારો. સૂંઠ 25g, મરી 25g, લીંડી પીપર 50g, જેઠીમધ 15g, તાલીસ પત્ર 15g, અરડૂસી પાન 15g, ગોદાંતી ભસ્મ 10g ભેળવી, ચૂર્ણ બનાવી રાખો. રોજ સવારે અને સાંજે ત્રણ ત્રણ ગ્રામ મધ અથવા પાણી સાથે લો. ફળ, દૂધ, દહીં ખાવ તો સાથે આ જરૂર લો.

સુડોકુ - 'ક્રૂટિ'

		૯	૧	૮	૫	૭		
	૫	૨		૪		૩	૬	૮
૪			૩		૨	૫		૧
૮	૪	૭		૧	૩			
	૧			૫	૪	૮		
		૬		૨		૧		૪
		૫	૪	૩				
૯	૨			૭	૧	૬	૮	૩
૩	૮						૫	૭

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



૮૨૮૬-૨૬૬૬ ક્રિડ્રિ

શબ્દગુંફન - ૭૨૪૯

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
1. મુખ્ય (૪)
4. કાંજી, ઘેંસ (૨)
6. કાળજી (૩)
8. હોડી (૨)
9. મોટેથી બૂમ પાડવી તે (૪)
11. પાપ (૩)
13. કસબ, હુન્નર (૨)
14. સોનાનું, સોનેરી (૩)
16. વ્યાયામ, અભ્યાસ (૪)
19. હાથ (૨)
21. પર્વત (૨)
23. તપસ્યા (૪)
24. એક સરખું (૪)
27. ચિંતન (૩)
29. ઊંડું, ગાઢ (૩)
31. અદેખાઈ, ગુમાન (૩)
32. પ્રધાન (૩)
34. પ્રતિબંધ (૨)
35. અભિમાની (૨)
36. ઘંટનો અવાજ (૪)

ઊભી ચાવી
1. પથ્થર (૨)
2. રાજાનું રહેવાનું સ્થળ (૩)
3. મૂલ્ય (૨)
5. જમીન-પાણી બન્ને પર ચાલી શકે છે એવું એક પક્ષી (૩)
6. રેશમી કે કિંમતી વસ્ત્ર (૨)
7. બોલાચાલી, લડાલડી (૪)
9. હેરાન, પરેશાન (૩)
10. સરોવર, તળાવ (૩)
12. અનુકૂળ વખત (૨)
15. દુશ્મનાવટ (૨)
17. ગાઢ, નક્કર (૩)
18. દેહ, શરીર (૨)
19. પ્યાલો (૨)
20. રોષ, ગુસ્સો (૨)
22. ચાલવું - જવું તે (૩)
23. જુસ્સો, અધીરાઈ (૫)
25. માધવ, કૃષ્ણ (૩)
26. છેડો, નિવેડો (૨)
28. શબ્દ, બોલ (૩)
30. ઘોડો (૨)
32. ઉમ્મર (૨)
33. લક્ષ્મી (૨)

૭૨૪૯ - ૨૬૬૬ ક્રિડ્રિ

આજનું પંચાંગ

તા. 25/07/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અષાઢ
તિથિ: સુદ: અગિયારસ: 11:35, દેવશયની એકાદશી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ : 03 **યોગ :** બ્રહ્મ
કરણ: બવ **નક્ષત્ર :** જયેષ્ઠા: જયેષ્ઠા નક્ષત્ર વૃદ્ધિ છે. આ નક્ષત્રમાં જન્મેલાની શાંતિ કરાવવી. **રાશિ:** વૃશ્ચિક (ન.ચ.) **દિવસ :** અશુભ ચતુર માસારંભ, પંઢરપૂર યાત્રા-સૌરાષ્ટ્રમાં મોળાકાત આરંભ,
સુરતમાં સૂર્યોદય : 06:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:19 **નવકારસી :** 06:59
પારસી વર્ષ : 1395 સ્પેન્દારમદ માસનો 15મો રોજ
મુસલમાન વર્ષ : 1448 સફર માસનો 10મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુકાળ: સવારે 09.30 થી 11.00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): પારિવારિક ચિંતા વધે. આરોગ્ય નરમ રહે. અટકેલાં નાણાં આવી શકે છે. ધર્મ-કર્મથી શાંતિ મળે.

વૃષભ (બ,વ,ઉ,): સમાજમાં માન વધે. પારિવારિક કામ ધંધા કે વેપારમાં નવી યોજના પાર પડે. રોજની આવક વધશે.

મિથુન (ક,છ,ઘ,): નોકરીમાં પ્રભાવ વધે. લેવડદેવડમાં સાવધાન રહેવું. વિવાદથી વિઘ્નો પેદા થાય. હરીફોથી સાવધાન.

કર્ક (ડ,હ,): મિત્રો-વગેરેની મદદ મળે. પ્રેમમાં તાલમેળ વધશે. આવક વધે. ઉઘરાણી આવે. મોજ-શોખના ધંધામાં આવક વધે.

સિંહ (મ,ટ,): મિલકત અને વારસાનાં કામમાં લાભ થાય. નોકરીની નવી તક ઊભી થાય બહારના કામમાં મદદ મળે.

કન્યા (પ,ઠ,ણ,): પાર્ટી-પિકનીકથી મનોરંજન થાય. રચનાત્મક ભાગ્યના સાથનો અનુભવ થાય.

તુલા (ર,ત,): ઘર-કુટુંબમાં વિવાદ ટાળવો. અચાનક ઉઘરાણી આવી શકે છે. આર્થિક બાબતે ચોક્કસ બનશો.

વૃશ્ચિક (ન,ય,): મહેનતનું ફળ મળે. ભૂતકાળના કામનો લાભ મળે. નોકરીમાં પ્રમોશન થાય. દાંપત્યજીવનમાં તાલમેળ વધશે.

ધન (ભ,ધ,ફ,ઢ,): કોઇના જામીન થવુ નહીં અને આર્થિક બાબતે કોઇની વાતોમાં આવવું નહીં. શુભ સમાચાર મળે.

મકર (ખ,જ,): નવા રોકાણથી લાભ થાય. મિત્રોની મદદથી સામાજિક કામ પાર પડે. શેર બજારમાં નવી તક મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): આવક વધશે. નોકરીમાં પ્રભાવ વધે. સમાજમાં માન મળે. મોજ-શોખના ધંધામાં આવક વધે.

મીન (દ,ચ,ઝ,થ,): કાયદાકાનૂન બાબતે મદદ મળે. વિદેશનાં કામ પાર પડશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથે મળે.

કોઈ પણ સાલમાં 25 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું સામાન્ય રહેશે. નોકરી સ્થાન ફેરથી અશાંતિ અને મહેનત વધશે. ધંધા-વેપારમાં હરીફો વધે. સમાજમાં સામાન્ય રહે. પારિવારિક સમસ્યાઓને અપેક્ષા દોડ-ધામ વધારે નવાં ઘર, વાહન, મકાનની યોજનાની શરૂઆતમાં સફલ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. ટેકનોલોજીથી નવુ શિખવા મળે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. પ્રેમવિવાહમાં વિઘ્નો આવે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સાતવે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 7, 16, 25 તારીખે નવા કામ કરવાં ઓગસ્ટ સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05,14,23 તારીખે નવા કામ ટાળવાં. ગુલાબી-સફેદ રંગનો ઉપયોગ કરવો. લાલ લીલા રંગનો ઉપયોગ ટાળવો. કેતુ-ચંદ્રના ઉપાય કરતાં રહેવું.

ખેતીની આવક રીટર્નમાં કેવી રીતે દર્શાવવી?

ગતા તા. 11-7-2026ના અંકમા આપણે જોયું કે ખેતીની આવક આવવેકરા દર (Rtae) ના હેતુથી દર્શાવાય છે. આ અંગેનો એક દાખલો લઈએ. ખેતીની આવક 3 લાખ અને ખેતી સિવાયની આવક 5 લાખ છે તો બંને ભેગી આવક ગણાતા 8 લાખ (3 લાખ + 5 લાખ) થાય અને એના ઉપર નવી ટેક્ષ સીસ્ટમ મુજબ ટેક્ષ 20000 થાય. હવે સ્ટેપ-2 મુજબ ખેતીની આવક સાથે બેઝિક લીમીટ ભેગી કરતા 7 લાખ (3 લાખ+4 લાખ) ઉપર ટેક્ષ 15000 થાય છે. હવે સ્ટેપ-3 મુજબ સ્ટેપ-1માંથી સ્ટેપ-2 બાદ કરતા ટેક્ષ 500 (2000-15000) થાય અને સરચાર્જ 4 ટકા ગણતા કુલ ભરવાપાત્રા ટેક્ષ 5200 થશે. આ કિસ્સામાં ખાસ ફર્ક પડ્યો નથી.

પરંતુ ઊંચી આવક ધારવનાર માટે ટેક્ષ ઘણો ઊંચો જશે જેને આંશિક એકીકરણ કહે છે કે જેમાં ખેતીની આવકથી સ્લેબમાં વધારો થાય તો છેવટે ભરવાનો ટેક્ષ ઊંચો આવશે.

હવે ગયા અંકમાં આપણે એ પણ જોયું કે ખેતીની આવક અથવા ઉપજ ના પુરાવાઓ સ્વ. નિર્મિત (self madr) પ્રકારના હોય શકે કારણ કે આ ક્ષેત્ર અસંગઠિત (morganise) છે પરંતુ આવકવેરા અધિકારીએ કરદાતાની જમીનનો વિસ્તાર ખેતીનો પ્રકાર/સિંચાઇ વગેરે જોઇને આવક કરમુક્ત બાદ આપવી જોઇએ.

તેથી કરદાતા દ્વારા આવક ઉપજ અને ખર્ચ અંગેના પૂરાવાઓ રજૂ કર્યા નહિ હોય તો ઉપર જણાવ્યું કે ઇન્સ્પેક્ટર દ્વારા તપાસ આદરીને આકારણી કરવી જોઇએ. સુંજન સિંઘ બુદેલા (આગ્રા ટ્રીબ્યુનલ)

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

આગળ-પાછળના વર્ષો

બાબુલાલ જૈનના જબલપુર ટ્રીબ્યુનલના કેઇસમાં અપીલ પછીના વર્ષના ધ્યાનમાં લઇ ટ્રીબ્યુનલે 2.98 લાખ સામે 2.50 લાખ ગણવાના આદેશ આપ્યો હતો તેથી અપીલના વર્ષમાં આવકવેરા અધિકારીના મહત્તમ હેક્ટર દીઠ રૂ. 19500ના બહુજ નીચા અંદાજને માન્ય રાખ્યો નથી.

વળી ચંદીગઢ ટ્રીબ્યુનલે જણાવ્યું છે કે ખેતીની પેદાશ ઘણા પરીબળો જેવા કે જમીનની માટી સહમાલિકમાં એ જ માટીમાં વધારે ઉપજ થઇ હોય વગેરે ઉપર આધાર રાખે છે.

ખેતીની આવક સામો ખર્ચ

અમદાવાદ ટ્રીબ્યુનલે શ્રી ધીરુભાઇ નારોલામાં ખેતીની આવક સામે તેનો ખર્ચ આવકના 40ટકા હોવાનો અંદાજ કરીને આવકની ગણતરી કરવાનો આદેશ કર્યો છે.

પરંતુ રાજકોટ બેંચે શ્રી રમેશભાઇ એન. વેકરીયા (H.U.F.)માં ઠરાવેલ કે ખેતીની બાબતનો ખર્ચ એક સમાન ટકાવારી મુજબ હોય શકે નહી. કુદરતી આપદા સહિતના ઘણા પરિબળોને ધ્યાનમાં લેવા પડે તે સંજોગોમાં 27 ટકા ખર્ચ માન્ય રાખ્યો છે.

ફક્ત ખેતીની આવક

કરદાતાની ફક્ત ખેતીની આવક સાનમે આવકવેરા અધિકારી બીજી આવક હોવાનો પુરાવો રજૂ કરી શક્યા નથી તેની એસેસમેન્ટ ઓર્ડર સ્વીકારી શકાય નહી. ગોપાલભાઇ વી. ભોંયવાલા (અમદાવાદ ટ્રીબ્યુનલ) આ ઉપરાંત અમદાવાદ ટ્રીબ્યુનલે દેવજીભાઇ ધનજીભાઇ ગબાનીમાં એવું ઠરાવ્યું કે કરદાતાને વ્યાજ સિવાય આવક નહી હોય ખેતીની આવકને ધંધાકીય આવક ગણી શકાય નહી.

સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો

સોનું રૂ.2,000 અને ચાંદી રૂ. 5,000 સસ્તી

સ્થાનિક બજારમાં ખરીદી નબળી પડતાં કિંમતો ઘટી, વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓમાં તેજી

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): સ્થાનિક બજારમાં નફાવસૂલી અને ખરીદીનો ઉત્સાહ ઘટતાં શુક્રવારે સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો. દિલ્હીના બુલિયન બજારમાં 99.9 ટકા શુદ્ધતા ધરાવતું સોનું 2,000 ઘટીને 1,47,200 પ્રતિ 10 ગ્રામ (તમામ કર સહિત) પર પહોંચ્યું. સતત બીજા દિવસે સોનાના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ગુરુવારે તેનો ભાવ 1,49,200 હતો.

ચાંદીના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો. ચાંદી 5,000 સસ્તી થઈ 2,24,700 પ્રતિ કિલોગ્રામ (તમામ કર સહિત) પર આવી ગઈ. અગાઉના કારોબારમાં તેનો ભાવ 2,2900 પ્રતિ કિલો હતો.

વેપારીઓના જણાવ્યા મુજબ સ્થાનિક બજારમાં ખરીદી નબળી રહેતાં કિંમતી ધાતુઓ પર દબાણ રહ્યું. જોકે આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થિતિ અલગ રહી. સ્પોટ ગોલ્ડનો ભાવ વધીને આશરે 4,063.70 ડોલર પ્રતિ ઔંસ રહ્યો, જ્યારે ચાંદી લગભગ 2 ટકા ઉછળી 58.59 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી. કોમોડિટી નિષ્ણાતોના જણાવ્યા મુજબ કાચા તેલના ભાવમાં ઘટાડો અને અમેરિકી બોન્ડ યીલ્ડમાં નરમાઈ આવે તો સોનું 4,100 ડોલર પ્રતિ ઔંસ** અને ચાંદી 60 ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચી શકે છે. બીજી તરફ અમેરિકા દ્વારા ઈરાન પર સતત હુમલા અને ભારત સહિત 60 દેશો પર લાદવામાં આવેલા ટેરિફને કારણે વૈશ્વિક બજારમાં પણ અનિશ્ચિતતાનું વાતાવરણ યથાવત છે.

ફૂડ ડિલિવરી બિઝનેસમાં ઝંપલાવી રહેલી ફ્લિપકાર્ટ

પ્રાયોગિક ધોરણે બેંગલુરુથી શરૂઆત કરશે

મુંબઈ, તા. 24: ફ્લિપકાર્ટ પણ હવે ફૂડ ડિલિવરી બિઝનેસમાં ઝંપલાવી રહી છે. સૌપ્રથમ તે બેંગલુરુથી ફૂડ ડિલિવરી સેવા શરૂ કરશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કંપની અન્ય શહેરોમાં વિસ્તરણ કરતા પહેલા ઓફરનું પરીક્ષણ કરવા માટે પ્રારંભિક લોન્ચનો ઉપયોગ કરે તેવી અપેક્ષા છે.સૂત્રોએ ઉમેર્યું હતું કે ફ્લિપકાર્ટ એક અલગ એપ્લિકેશન દ્વારા સેવા શરૂ કરવા પર વિચાર કરી રહી છે, સાથે તેને ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC) પર પણ ઉપલબ્ધ કરાવવાની યોજના બનાવી રહી છે.વોલમાર્ટની માલિકીની ફ્લિપકાર્ટ એક મહિનાની અંદર ભારતમાં તેની ફૂડ ડિલિવરી સેવા શરૂ કરવા માટે તૈયાર છે, જે બેંગલુરુમાં પાયલોટ રોલઆઉટથી શરૂ થશે. ફૂડ ડિલિવરી ક્ષેત્ર અનેક કંપનીઓ આવી છે તેની સાથે બજારમાં સ્પર્ધા કરવા માટે "નક્કર" મૂલ્ય ધરાવતો પ્લાન બનાવવા પર કામ કરી રહી છે. હજુ સુધી ફ્લિપકાર્ટ દ્વારા સત્તાવાર રીતે લોન્ચ ક્યારે કરાશે તે જાહેર કરાયું નથી. આ મહિનાની શરૂઆતમાં, ફોરમ ફોર ઇન્ટરનેટ રિટેલર્સ, સેલર્સ એન્ડ ટ્રેડર્સ (FIRST), જે ઇન્ડિયા SME ફોરમ હેઠળ ઓનલાઇન રિટેલર્સનું સંગઠન છે, તેણે કોમ્પિટિશન કમિશન ઓફ ઇન્ડિયા (CCI) નો સંપર્ક કર્યો હતો અને